આત્મન ફાઉન્ડેશન દ્વારા

# ખારાઘોડાના અગરિયા પરિવારોને અનાજની કીટ, સ્લીપર અને કપડાંનું વિતરણ કરાયું-

**આ સેવાકાર્ય અગરિયા માટે હમેશ હમદર્દ એવા સ્વ. એચ. બી. વરિયાની સ્મૃતિને અર્પણ કરાયું**



ગાંધીનગરની વિવિધ સેવાકીય પ્રવૃતિઓ કરતી આત્મન ફાઉન્ડેશન સંસ્થા દ્વારા તાજેતરમાં તા. ૨૪-૩-૨૦૨૨ ના રોજ સુરેન્દ્રનગર જિલ્લાના ખારાઘોડા વિસ્તારના મીઠાના અગરોમાં મીઠાનું ઉત્પાદન કરતા અગરિયા પરિવારોને વિવિધ જરૂરી ચીજ - વસ્તુઓનું વિતરણ કરવામાં આવ્યું હતું. સંસ્થા દ્વારા છેલ્લા ૨૦-૨૫ વર્ષથી નિયમિતપણે આ મીઠા શ્રમિકોને હૂંફનો સાદ કરવામાં આવે છે. ખારાઘોડાના રણ વિસ્તારમાં આલોક , ઓડુ, ચામુંડા, શિવશક્તિ, બજાણા, નારણપુરા, ભનુ અને જોગણ શક્તિ મંડળીના અગરિયા પરિવારોને ગોળ, ચોખા, મગ, તેલ, કપડાં, સ્લીપર, બાળકોને નાસ્તો વગેરે પ્રસાદનું વિતરણ કરવામાં આવ્યું હતું. ખારાઘોડાનું આ સેવાકાર્ય આત્મન સાથે વર્ષોથી જોડાયેલા સેવાભાવી સ્વ. એચ.બી. વરિયાની સ્મૃતિને અર્પણ કરવામાં આવ્યું હતું.

આ સેવાકાર્યમાં અશોકભાઈ ત્રિવેદી, દિવ્યાબેન વરિયા, ક્રિષ્નકુમાર રાણા, પ્રજ્ઞા પટેલ જોડાયા હતા. અગરિયા હિતરક્ષક મંચના કાર્યકર ભરતભાઈ સોમેરા, આનંદ સોલંકી અને પ્રવીણભાઈ પરમાર સાથે સહભાગી બન્યા હતા.

# ગાંધીનગરના સીઆરપીએફ કેમ્પસની દિકરીઓ માટે 'માસિક સ્વચ્છતા' માર્ગદર્શન કાર્યક્રમ યોજાયો

**હેક્કેલ ઈન્ડિયાએ વીટુ કેર એચએસડબલ્યુ ફાઉન્ડેશનના સહયોગથી સેનિટરી નેપકીનનું વિતરણ પણ કર્યુ**

ગાંધીનગર, તા.૨૬

ઓછી વિશેષાધિકૃત શાળાની છોકરીઓને સમાન તકો પૂરી પાડવા અને તેમને પ્રોત્સાહિત કરવાના પ્રયાસરૂપે, હેક્કેલ એધેસિવ ટેક્નોલોજીસ ઈન્ડિયા પ્રાઈવેટ લિમિટેડ (હેનકેલ ઈન્ડિયા), સેન્ટ્રલ રિઝર્વ પોલીસ ફોર્સ અને વીટુ કેર એચ એસ ડબલ્યુ ફાઉન્ડેશન સાથે મળીને ગાંધીનગરમાં સ્વચ્છતા જાગૃતિ, સેનેટરી નેપકીન વિતરણ કાર્યક્રમ અને સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

હેક્કેલ ઈન્ડિયાના સીએસઆર કમિટીના સભ્ય ભૂપેશ સિંઘે જણાવ્યું હતું કે "મહિલાઓ આપણા સમાજની કરોડરજ્જુ બનાવે છે અને તેમનું સ્વાસ્થ્ય અને સુખાકારી મુખ્ય છે. આ પહેલ દ્વારા અમારો ધ્યેય માસિક સ્રાવની સ્વચ્છતા અંગે કિશોરીઓમાં જાગૃતિ વધારવા, ઓછા વિશેષાધિકૃત વિસ્તારોમાં કિશોરીઓ માટે ઉચ્ચ-ગુણવત્તાવાળા સેનિટરી નેપકિનનો વપરાશ અને ઉપયોગ વધારવા તેમજ સેનિટરી નેપકિન્સના સુરક્ષિત નિકાલની ખાતરી કરવા માટે રાષ્ટ્રીય આરોગ્ય મિશનના ઉદ્દેશ્યોને સમર્થન આપવાનો છે.




તેમણે વધુમાં જણાવ્યું હતું કે "હેક્કેલ ખાતે, અમે માસિક સ્રાવની સમસ્યાઓના કારણે શાળાઓ છોડી દેતી છોકરીઓના મુદ્દાને ઉકેલવા માટે પ્રતિબદ્ધ છીએ. અમે પહેલાથી જ ગુવાહાટી, પુણે અને કાનપુરમાં સમાન કાર્યક્રમનું આયોજન કર્યું છે અને અમે અન્ય કેન્દ્રોમાં પણ માસિક ધર્મ સંબંધિત શૈક્ષણિક અને સહાયક પહેલો આયોજિત કરી રહ્યા છીએ.

અમારું લક્ષ્ય દરેક કેન્દ્ર પર ઓછામાં ઓછી ૧૫૦૦-૨૦૦૦ છોકરીઓના જીવનને પ્રભાવિત કરવાનું અને વર્તનમાં પરિવર્તન લાવવા માટે તેમને એક વર્ષ માટે સમર્થન આપવાનું છે".

# સુઘડ એટલાન્ટીક પાર્કના બંધ મકાનમાં રૂ.૧૨.૫૦ લાખ મત્તાની ચોરી

**તસ્કરો ફલેટના પાર્કીંગમાંથી નવી એકસયુવી ગાડી તેમજ રોકડા ૨.૧૫ હજાર લઈ ફરાર, પરિવાર વતનમાં ગયો અને તસ્કરો કળા કરી ગયા**

ગાંધીનગર, તા.૨૬

ગાંધીનગર-અમદાવાદ માર્ગ સુઘડ ગામની સીમમાં આવેલા કોરલ એમ એટલાન્ટીક પાર્ક પાશ્વનાથ સોસાયટીના બંધ મકાનમાં તસ્કરો ત્રાટકયા હતા. ફલેટનો દરવાજો તોડી અંદર પ્રવેશ કરી તસ્કરો રોકડા રૂ.૧૫ હજાર, મહીન્દ્રા ની એકસયુવી ગાડી અને ટીયાગો ગાડીની ચાવી અને કાગળો મળી કુલ રૂ.૧૨.૫૦ લાખથી વધુની મત્તા લઈ ફરાર થઈ ગયા છે. બનાવ અંગે અડાલજ પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ મુળ બિહારના અને હાલ સુઘડ કોરલ.જી.૧૦૧એટલાન્ટીક પાર્ક પાશ્વનાથ સોસાયટી ખાતે પરિવાર સાથે રહેતા વિનિતકુમાર પ્રમોદકુમાર શર્મા ગણેશ સિકયુરીટી ચલાવે છે. જયારે તેમનો નાનો ભાઈ અમિત શર્મા બાજુમાં કોરલ એમ.૨૦૨ એટલાન્ટીક પાર્ક ખાતે રહે છે. અમિતભાઈએ સફેદ કલરની એકસયુવી ગાડી ગત તા.૧૪ માર્ચના રોજ ખરીદી હતી. બે દિવસ પહેલા જ ગાડીના નંબર મોબાઈલ પર મેસેજમાં આવ્યો હતો. જેમાં જી.જે.૧૮.બી.ક્યુ.-૧૨૬૮ છે. ગાડી પર નંબર લગાવ્યો નથી. ત્યારે ગત તા.૧૫ માર્ચના રોજ અમિતભાઈ તેમના પરિવાર સાથે વતનમાં ગયા છે. જયારે ગત તા.૨૫ ના રોજ રાત્રીના ૧૧ અમિતભાઈની ગાડી ફલેટ નીચે પડી હતી. જે વિનિતભાઈએ જોઈ હતી. જયારે બીજા દિવસે સવારે ૬ વાગે ભાઈના પાડોશી એ ફોન કરીને વિનિતભાઈને જણાવ્યું કે તમારા ભાઈના ફલેટનો દરવાજો ખુલ્લો છે તમે ખોલ્યો છે. જેથી વિનિતભાઈએ ના પાડી અને તાત્કાલીક બાજુમાં ભાઈના ફલેટ ખાતે ગયા હતા. જયારે ફલેટમાં જઈને જોયુ તો દરવાજો તોડીને ચોર શખ્સોએ અંદર રહેલો સામાન વેર-વિખેર કરી દીધો હતો. તિજોરીમાં રહેલા રોકડા રૂ.૧૫ હજાર, તે ઉપરાત ટાટા ટીઆગો ગાડી નં. જી.જે.૧૮.બી.એફ.-૪૧૭૩ ની ચાવી તેમજ ઓરીજીનલ કાગળો સહિત પાર્કિંગમાં રહેલી એકસયુવી ગાડી ચોરી કરી ચોર શખ્સો પલાયન થઈ જતા ચકચાર મચી જવા પામી છે. ત્યારે અડાલજ પોલીસ

## જિલ્લા રેડક્રોસ સોસાયટી દ્વારા ફર્સ્ટ એડ ટ્રેનીંગ કેમ્પનું આયોજન



ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગર જિલ્લા રેડક્રોસ સોસાયટીના સહયોગથી સરકારી સાયન્સ કોલેજના એનએસએસ યુનિટ દ્વારા ફર્સ્ટ એડ ટ્રેઈનીંગ કેમ્પનું આયોજન પોર ગામે કરવામાં આવ્યું હતું. જેમાં સ્ટેટ રેડક્રોસના સિનિયર ટ્રેઈનર નરેશભાઈ ગોહીલ તથા ડૉ. રૂદ્રેશ શર્મા દ્વારા ૬૫ વિદ્યાર્થીનીઓને ફર્સ્ટ એડની પ્રાથમિક ટ્રેઈનીંગ આપી હતી. કોલેજના ડૉ. ઉમેશભાઈ તરપદા, તેમની ટીમ તથા જિલ્લા રેડક્રોસ તરફથી મગનભાઈ કાકડીયા, અશ્વિનભાઈ દવે તથા જયંતીભાઈ વઘાસીયા દ્વારા આ કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.



મા-મેલડી આનંદ ગરબા મંડળ દ્વારા મોટી સંખ્યામાં ભાવિ ભક્તો ની ઉપસ્થિતિ માં આનંદ નો ગરબો યોજાયો હતો.

# બેંક ઓફ ઈન્ડિયાના એમડીની ગાંધીનગર ઝોન ખાતે મુલાકાત




ગાંધીનગર, તા.૨૬

બેંક ઓફ ઈન્ડિયાના મેનેજિંગ ડિરેક્ટર અને સીઈઓ અતનુ કુમાર દાસે આજે ગાંધીનગરની મુલાકાત લીધી હતી. તેઓ અહીંયા નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ફોરેન્સિક સાયન્સમાં યોજાયેલ વર્કશોપમાં પધાર્યા હતા અને તેમણે બેંક ઓફ ઈન્ડિયા ગાંધીનગર અંચલની પણ મુલાકાત લીધી હતી. આ પ્રસંગે તેમણે ગાંધીનગર ઝોનની કાર્યશૈલી અને કામગીરીના વખાણ કર્યા હતા. નવા ઝોનલ મેનેજર રવિ શંકરે તેમનું હાર્દિક અભિવાદન કર્યું હતું અને ભવિષ્યમાં પણ બેક્ક ઓફ ઈન્ડિયાનું ગાંધીનગર ઝોન આ રીતે જ ઉત્તરો ઉત્તર પ્રગતિ કરશે તેવો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો.

# શહેરના ચ-૭ પાસે અજાણ્યા વાહન ચાલકની ટક્કરે સાયકલ ચાલકનું મૃત્યુ

ગાંધીનગર, તા.૨૬

શહેરના ચ-૭ ત્રણ રસ્તા પાસે ગઈકાલે સવારના ૧૦ વાગ્યાના અરસામાં સાયકલ ચાલકને અજાણ્યા વાહનચાલકે ટક્કર મારતા શરીરે ગંભીર ઈજા પહોંચી હતી. ઈજાગ્રસ્તને સારવાર માટે ગાંધીનગર સિવિલ ખસેડાયા હતા. ત્યારબાદ વધુ સારવાર માટે અમદાવાદ લઈ જવાયા હતા. જયાં સાંજના ૬ વાગ્યાના અરસામાં સારવાર દરમિયાન સાયકલ ચાલકનું મૃત્યુ નિપજયુ હતું. બનાવ અંગે પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે. સુત્રો દ્વારા મળતી વિગત મુજબ રમેશભાઈ ભીખાભાઈ પરમાર (ઉં.૫૨, મુળ ગામ ભવાનગઢ તા.વડાલી જી.સાબરકાંઠા) વનવિભાગમાં વનરક્ષક તરીકે રાણપુર ખાતે ફરજ બજાવે છે. જયારે રમેશભાઈના નાનાભાઈ જગદીશભાઈ ગાંધીનગર બોરીજ ખાતે રહે છે અને છુટક મજુરી કામ કરે છે. ત્યારે રમેશભાઈ નોકરી પર હાજર હતા તે સમયે તેમના દિકરાનો ફોન આવ્યો હતો અને જગદીશકાકાને ગાંધીનગર અકસ્માત થયો છે અને અમદાવાદ સિવિલ સારવાર માટે લઈ ગયા છે. જેથી રમેશભાઈ અને પરિવારના સભ્યો તાત્કાલીક અમદાવાદ સિવિલ પહોંચી ગયા હતા. તેઓએ જઈને જોયુ તો જગદીશભાઈને ઈમરજન્સી વોર્ડમાં દાખલ હતા અને સારવાર ચાલી રહી હતી. તે સમય દરમિયાન જગદીશભાઈનો સાંજના સુમારે ડોકટરે મરણ જાહેર કર્યા હતા. જયારે રમેશભાઈએ પરિવારના સભ્યો પાસેથી જગદીશભાઈનો ગાંધીનગર ચ-૭ પાસે અજાણ્યા વાહનચાલક ટક્કર મારી નાસી ગયો છે. બનાવ અંગે રમેશભાઈએ અજાણ્યા વાહનચાલક સામે ફરીયાદ નોંધાવતા સેકટર-૨૧ પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

# ગુજરાતના હેરીટેજ સ્થળોને પ્રવાસન ધામ બનાવવાની નેમ

**૪૫૧ કરોડના એમ.ઓ.યુ. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં સંપન્ન : મુખ્યમંત્રીશ્રીના હસ્તે હેરીટેજ પોલિસી પોર્ટલ અને વિવિધ પ્રવાસન સુવિધાઓનું લોકાર્પણ**




ગાંધીનગર, તા.૨૬

રાજ્યના હેરીટેજ સ્થળોને પ્રવાસન ધામ બનાવવાની નેમ સાથે હેરીટેજ પ્રોપર્ટીના માલીકો અને પ્રવાસન વિભાગ વચ્ચે અંદાજે ૪૫૧ કરોડના એમ.ઓ.યુ. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં ગાંધીનગરમાં સંપન્ન થયા હતાં. આ પ્રસંગે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું કે, ગુજરાતના ઈતિહાસ અને અસ્મિતાના પ્રકાશને ઉજાગર કરવો હોય તો હેરીટેજ ટુરીઝમનો વિકાસ જરૂરી છે.

અતિ પ્રાચીન મંદિરો-મહેલો, પૌરાણીક નગરો-ઈમારતો અને પ્રાગ-ઐતિહાસિક સ્થળોનો અનન્ય વૈભવ ગુજરાત ધરાવે છે. આ પ્રાચીન વિરાસતોમાંની રાણકી વાવ અને ચાંપાનેર, ધોળાવીરાને વર્લ્ડ હેરિટેજ સાઈટમાં અને અમદાવાદને વર્લ્ડ હેરિટેજ સિટીમાં સ્થાન મળ્યું છે, તેમ તેમણે ઉમેર્યું હતું.

ગુજરાત પ્રવાસન વિભાગ દ્વારા 'આઝાદી કા અમૃત મહોત્સવ' અંતર્ગત યોજાયેલા 'ગુજરાતના ભવ્ય વારસા'ની ઉજવણી કાર્યક્રમમાં મુખ્યમંત્રીશ્રીએ હેરીટેજ પોલિસી પોર્ટલ અને ગવર્નર હિલ-સાપુતારા, સાસણગીર વિલેજ તેમજ દાંડી ખાતેની વિવિધ પ્રવાસન સુવિધાઓના ઈ-લોકાર્પણ કર્યા હતા.

મુખ્યમંત્રીશ્રીએ પ્રવાસન વિભાગ સાથે રૈં કરનારા હેરીટેજ પ્રોપર્ટીઝના માલીકોને અભિનંદનને પઠવ્યા હતા. આ અવસરે વડોદરા રાજકોટ, સંતરામપુર, દેવગઢ બારિયા,બાલાસિનોર વગેરે સ્થળોના રાજવી મહેલોના હેરિટેજ ટુરિઝમ પ્લેસ તરીકે ડેવલપ કરવાના એમ ઓ યુ થયા હતા.

શ્રી ભૂપેન્દ્ર પટેલે હેરીટેજ પોલિસી પોર્ટલ સંદર્ભે કહ્યું કે, હવે હેરીટેજ પ્રોપર્ટી ધારક એપ્લીકેશનથી લઈ ફી-પેમેન્ટ સુધીની પ્રક્રિયા ઓનલાઈન કરી શકશે જે હેરીટેજ પ્રોપર્ટી ધારકો નવી હેરીટેજ પોલિસીનો લાભ લઈ, હેરીટેજ પ્રવાસન સ્થળ ઉભું કરવા માંગતા હોય તેમની સુવિધા અને ડિજિટલ ઈન્ડિયાના કોન્સેપ્ટને વેગ આપવા માટે આ અદ્યતન પોર્ટલ બનવાયું છે, તેમ તેમણે ઉમેર્યું હતું.

આ પ્રસંગે પ્રવાસન વિભાગના સચિવશ્રી હારિત શુક્લા, ગુજરાત પ્રવાસન નિગમ લિમિટેડના મેનેજિંગ ડિરેક્ટર શ્રી આલોકુમાર પાંડે સહિત ગુજરાતના વિવિધ પ્રાંતના રાજવીશ્રીઓ, હેરિટેજ ટુરિઝમ એસોસિએશનના અધિકારીઓ-પદાધિકારીઓ, ટુર ઓપરેટર્સ, વેડિંગ પ્લાનર્સ, લાઈન પ્રોડ્યુસર તેમજ પ્રવાસન ક્ષેત્ર સાથે સંકળાયેલા પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા.

## આજે વાવોલ ખાતે બપોરે આનંદના ગરબાનું આયોજન

ગાંધીનગર, તા. ૨૬

માં મેલડી આનંદ ગરબા મંડળ સે. ૩-સી ના મધુબેન કે. કડીકરના સુર મધુર કંઠે આનંદનો ગરબો સંગીતાબેન પટેલના ઘરે વૈદેહી એલીગન્સ, સાર્થક સફલ પાસે, એ-૩૦૪, વાવોલ ખાતે ૨૭ માર્ચે બપોરે ૨ થી ૫ કલાક સુધી યોજાશે. સર્વે ભાવિ ભક્તોને પધારવા ભાવભર્યુ આમંત્રણ પાઠવ્યુ હતુ.




સેકટર-૨૪ આદર્શનગર ખાતે હેલ્થ એન્ડ કેર ફાઉન્ડેશન ચેરીટેબલ હોસ્પિટલ અને ક્રેસ્ટ ડેટા પ્રા.લી.ના સહયોગથી મહિલાઓ સંબંધિત રોગ નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ હેલ્થ એન્ડ કેર ફાઉન્ડેશનના પીન્કીબેન જાદવ, મહામંત્રી વિભાબા ઝાલાએ ખૂબ સહયોગ આપ્યો હતો.

# એસીનું પાંજરુ બનાવવા આવેલા બે શખ્સો રૂ.૩ લાખના દાગીના લઈ ફરાર

ગાંધીનગર, તા.૨૬

ગાંધીનગર સુઘડની સીમમાં આવેલી પાશ્વનાથ સોસાયટીમાં રહેતા મહિલાએ એસીનું પાંજરૂ બનાવવા માટે બે કારીગરોને બોલાવ્યા હતા. ત્યારે પાંજરુ બનાવવા આવેલા કારીગરોએ કબાટના ડ્રોઅરમાંથી દિવસ દરમિયાન સોનાના દાગીના,રોકડ રકમ સહિત રૂ.૩.૧૪ લાખની મત્તાની ચોરી કરી નાસી જતા મહિલાએ અડાલજ પોલીસ મથકે ગુનો નોંધાવતા આગળની તપાસ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ પાશ્વનાથ સોસાયટી ખાતે રહેતા ૪૦ વર્ષિય હેમાંબેન હુંદરાજ મંગતાની તેમના બહેન ઉષા સાથે રહે છે. બંન્ને બહેન અપરણિત છે. જયારે તેમના માતા-પિતા અને ભાઈ અગોરા રેસીડેન્સી ખાતે રહે છે. ગત તા.૨૫ ના રોજ ઉષાને માતા-પિતા પાસે જવાનું હોવાથી હેમાબેન કબાટમાંથી રૂ.૫૦૦ કાઢીને આપ્યા હતા. બાદમાં ઘરના એસીનું પીજરુ બનાવવા માટે ફ્રેબીકેશનના વેપાર સાથે સંકળાયેલા મુકેશ જયંતિભાઈ પંચાલ (રહે.કઠવાડા) આવ્યો હતો. ત્યારે પીંજરુ બનાવતા સમયે વારંવાર મુકેશ બહાર આવન જાવન કરતો હતો. જેને લેવા માટે તેમજ મુકવા માટે શેઠ વિનોદ કાલુલાલ લુહાર પણ આવતો હતો. ત્યારે બપોરના સમયે બંન્ને હેમાબેને ચા બનાવી પીવડાવી હતી. જયારે મુકેશ દિવસ દરમિયાન પાંજરુ બનાવતો હતો. સાંજ પડતા કામ પુરુ કરીને મુકેશ રવાના થઈ ગયો હતો. સાંજના સમયે હેમાબેને ડ્રોઅર ખોલતા જ જાણ થઈ હતી કે પર્સમાં રહેલા રોકડા રૂ.૧૪,૫૦૦ તેમજ ત્રણ તોલાની સોનાનો સેટ, ૧૦ગ્રામનું સોનાનું બિસ્કીટ, અને સોનાની વીટીંઓ મળી કુલ રૂ.૩.૧૪ લાખની ચોરી કરી પલાયન થઈ જતા હેમાબેન અડાલજ પોલીસ મથકે આ બંન્ને શખ્સો સામે ફરીયાદ નોંધાવતા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

## આજે રૂદ્ર મોબાઈલ, સે. ૨૨ દ્વારા નિઃશુલ્ક પક્ષી પરબનું વિતરણ

ગાંધીનગર, તા. ૨૬

સેકટર-૨૨, રૂદ્ર મોબાઈલ દ્વારા ૨૭ માર્ચે પક્ષી પરબનું નિઃશુલ્ક વિતરણ કરવામાં આવશે. જેમાં ૫૦૦૦ નંગ પક્ષી પરબનું નિઃશુલ્ક વિતરણ રૂદ્ર મોબાઈલના માલિક કાર્તિક પટેલ દ્વારા કરવામાં આવ્યું છે. ગાંધીનગર શહેરમાં એક પણ પક્ષી ઉનાળામાં પાણી વગર ન રહેવુ જોઈએ તેવા સંકલ્પથી પક્ષી પરબનું નિઃશુલ્ક વિતરણ કરવાનું આયોજન કરવામાં આવ્યું છે.

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧
ફોન - ૨૩૨૩૭૫૭૧

## દરજી સમાજ દ્વારા ૨૭ માર્ચે સેક્ટર-૧૭માં સન્માન સમારોહનું આયોજન

ગાંધીનગર, તા. ૨૬

દરજી સમાજ દ્વારા ૨૭ માર્ચે સમાજના શ્રેષ્ઠીઓનું સન્માન અંતર્ગત સન્માન સમારોહનું આયોજન કરવામાં આવ્યું છે. જે સ્ટાફ ટ્રેનીંગ કેમ્પસ કોલેજ, ચ-૫ સર્કલ, સેકટર-૧૭, જુના સચિવાલય પાસે યોજાશે. આ કાર્યક્રમ સવારે ૧૦.૩૦ વાગ્યે યોજાશે. જેમાં સમાજના તમામ નાગરિકોને ઉપસ્થિત રહેવા જણાવાયુ હતુ.

## આજે રાયસણ ખાતે સુંદરકાંડ પાઠનું આયોજન

ગાંધીનગર, તા. ૨૬

ગોસ્વામી સંજયભારતી બાપુની વ્યાસપીઠે ૨૭ માર્ચે સાંજે ૪ કલાકે સુંદરકાંડ પાઠ યોજાશે. જે ૨૬, યશ આઈકોન, રાયસણ ખાતે યોજાશે. સર્વે ભાવિ ભક્તોને પધારવા આમંત્રણ પાઠવ્યું હતું.

### ગરમીનો પારો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ચશ્મા સાથે મોં પર રૂમાલ બાંધીને જતા નજરે પડતા હતા. શહેરમાં ગરમીની સિઝન નિખરતા કોરોનાના નહીંવત સંક્રમણ વચ્ચે ઠંડા અને રસાળ ફળોનુ સેવન વિશેષ કરી રહ્યા છે. જયારે જયુશ, શેરડીનો રસ અને આઈસ્ક્રીમ પાર્લરો ઉપર પણ વિશેષ ભીડ જોવા મળે છે. રાત્રિના સમયે પણ નગરમાં રોનક નિખરે છે. આઈસ્ક્રીમ પાર્લરો અને ઉદ્યાનમાં નાગરિકોની ભીડ જોવા મળી રહી છે. દિવસની ગરમીથી ત્રસ્ત નાગરિકો રાત્રિના સમયે શહેરના ઉદ્યોનો અને સર્કલો તેમજ વોક વે પર લટાર મારના નિકળી પડે છે. ધીમે ધીમે ઉનાળો આકરો બનતો જાય છે. વધતી ગરમીના લીધે અબોલ પશુ પક્ષીઓ તેમજ ખુલ્લામાં રહેતા શ્રમિકોની હાલત વધુ કફોડી બનતી જાય છે. હજુ આગામી દિવસોમાં ગરમીનુ જોર વધે તેવી સંભાવના છે. મહત્તમ તાપમાન વધતા દિવસે ગરમ લું ફુંકાતા નગરજનો આકરા હીટવેવની અસરથી બચવા અનેક પ્રકારના નુસખા અજમાવી રહ્યા છે.

### પાથેય

● અનુસંધાન ચોથાનું ચાલુ...

સામાન્ય રીતે જે લોકો ઉપલક જીવે છે એમને આવો અનુરાગ હોય છે..એમને પોતાના વારસદારોની ચિંતા થતી રહે છે..પોતાની સંપત્તિનું શું થશે ? પોતાના કારોબારને કોઈ સંભાળી શકશે ? આવી દહેશત સાથે લોકો જીવતા હોય છે.વાસ્તવમાં આપણે માનીએ છીએ એવી નકામી નવી પેઢી કે વારસદારો હોતા નથી..એમની પાસે પણ અનુભવો હોય છે..નવો જાણકારી હોય છે અને નવો ઉમંગ પણ હોય છે..આપણે ફકત એમનામાં થોડોક વિશ્વાસ રાખવાનો હોય છે..આપણા પછી આપણી હસ્તી સહજ રીતે જ ભુલાઈ જવાની હોય ત્યારે ડાહ્યા માણસો કહી ગયા છે એ સાચું છે કે "આપ મૂઆ પીછેહઠ ડૂબ ગઈ દુનિયા..!"આપણે જે કંઈ જીવનમાંથી મેળવ્યું છે એના આપણે માલિક નથી ફક્ત વચગાળાના કસ્ટોડિયન હોઈએ છીએ..અને એ રીતે જ જો જિંદગીને સહજ રીતે સ્વીકારી તો આપણે એનો સાચો અર્થ પામતા હોઈએ છીએ.

### વિમાની સેવા

● અનુસંધાન પહેલાનું ચાલુ

આવતું પેટ ડાઉન ચેકિંગ (પેટ-ડાઉન સિક્યુરિટી ચેક) ફરી શરૂ કરવામાં આવશે. વિમાન મથક ખાતે કે વિમાનમાં માસ્ક પહેરવું અનિવાર્ય રહેશે.

નાગરિક ઉડ્ડયન મહાનિદેશાલય (ચડીજીસીએ)એ કોરોનાના કેસમાં થઈ રહેલા વધારાને રોકવા માટે ૨૩ માર્ચ ૨૦૨૦થી ભારતમાં આંતરરાષ્ટ્રીય કોમર્શિયલ યાત્રી વિમાન સેવાઓનું સંચાલન સસ્પેન્ડ કરવામાં આવ્યું હતું. પરંતુ વેક્સિનેશન કાર્યક્રમમાં તેજી અને કોરોનાના કેસમાં ઘટાડા બાદ સરકારે આંતરરાષ્ટ્રીય વિમાન સેવાને પુનઃસ્થાપિત કરવાનો નિર્ણય લીધો છે.

### લાપતા છે

● અનુસંધાન પહેલાનું ચાલુ

ઈમરાન ખાનને વડાપ્રધાન પદ પરથી રાજીનામુ આપવુ પડશે હવે આ લગભગ નક્કી હશે. સંકટમાં કેટલાક નજીકના લોકોએ પાકિસ્તાનના વડાપ્રધાન ઈમરાન ખાનનો સાથ છોડી દીધો છે. ૨૮ માર્ચે પાકિસ્તાનની સંસદમાં અવિશ્વાસ પ્રસ્તાવ રજૂ થશે. ૩૧ માર્ચથી ૪ એપ્રિલની વચ્ચે અવિશ્વાસ પ્રસ્તાવ પર મતદાન થશે.

### કોર્ટ પહોંચ્યા

● અનુસંધાન પહેલાનું ચાલુ

ઘટનાની વિગતો પ્રમાણે થોડા દિવસો પહેલા હાઈકોર્ટમાં ગેરકાયદેસર કબજાને લઈ અરજી કરવામાં આવી હતી. ત્યાર બાદ પ્રશાસને નોટિસ બહાર પાડી હતી. રાયગઢ શહેરના કૌવાકુંડા સ્થિત શિવ મંદિરને ગેરકાયદેસર કબજાની ફરિયાદ નોટિસ પાઠવવામાં આવી હતી. નોટિસ ભગવાન શંકરના નામે હતી જેથી આ સમગ્ર પ્રકરણ ચર્ચામાં આવ્યું હતું. જોકે કોઈએ વિચાર્યું પણ નહોતું કે, ભગવાન શંકરને ઉખાડીને કોર્ટમાં રજૂ કરવામાં આવશે. નવાઈની વાત એ પણ છે કે હજુ સુધી ક્યાંયથી આ અંગે કોઈ વિરોધ નથી થયો. પરંતુ પ્રશાસનની આ હરકતને લઈ લોકો આઘાતમાં છે.